GUJARAT VIDYAPITH KRISHI VIGYAN KENDRA
AMBHETI, DIST. – VALSAD (GUJARAT)

# NEWSLETTER

JULY– DEC., 2025 Number 28



*My life is My Message*

**Chief Editor**

**Dr R. F. Thakor**
Senior Scientist & Head

**Editorial Team**

Shri K. A. Patel
Shri L. T .Kapur
Shri M. M. Gajjar
Dr B. M. Patel
Shri P. J. Joshi
Smt P. R. Ahir
Shri P. R. Patel

*Half Yearly Newsletter Published by*

Gujarat Vidyapith
KRISHI VIGYAN KENDRA
AMBHETI –396 191
Dist. Valsad (Gujarat)
E-mail : kvkvalsad@gmail.com
Website : www.kvkvalsad.org

## Web cast programme ((PM-DDKY)

Pradhan Mantri Dhandhanya Krishi Yojana (PM-DDKY) and other important schemes related to agriculture were formally launched by Hon'ble Prime Minister Shri Narendra Modi on 11 October 2025 at New Delhi. On this occasion, the program was broadcast through live webcasting across the country. As part of it, a special web casting and farmer awareness program was successfully organized at Krishi Vigyan Kendra - Ambheti. More than 350 farmers of the district attended the program and got information about various new schemes. Honorable MLA Mr. Jitubhai Chaudhary (Kaparada) was specially present on this occasion and inspired the farmers to take advantage of the new schemes by blessing them. Progressive farmer Tejalben of Sukhala, Sangitaben of Dhodhadkuva, Savitaben of Kararan and progressive farmer Dharmeshbhai of Motapondha presented their experiences of natural farming. Farmers present at the program were given detailed information on Pradhan Mantri Dhandhanya Krishi Yojana (PM-DDKY) and other agricultural assistance schemes as well as seed and inputs assistance, organic farming, sustainable farming methods, use of digital platforms and applications.





## માનનીય વડાપ્રધાનશ્રીનો વેબ કાસ્ટિંગ કાર્યક્રમ

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા તારીખ ૧૧ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ નવી દિલ્હી ખાતેથી પ્રધાનમંત્રી ધનધાન્ય કૃષિ યોજના (PM-DDKY) અને અન્ય કૃષિ સંબંધિત મહત્વપૂર્ણ યોજનાઓનો ઔપચારિક પ્રારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે સમગ્ર દેશમાં લાઈવ વેબકાસ્ટિંગ દ્વારા કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવ્યું. તેના ભાગરૂપે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર - અંભેટી ખાતે વિશેષ વેબ કાસ્ટિંગ તથા ખેડૂત જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં જીલ્લાના ૩૫૦ થી વધુ ખેડૂતોએ હાજરી આપી વિવિધ નવી યોજનાઓ અંગે માહિતી મેળવી હતી. આ પ્રસંગે માનનીય ધારાસભ્ય શ્રી જીતુભાઇ ચૌધરી (કપરાડા) વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને ખેડૂતોને આશીર્વચન આપીને નવી યોજનાઓનો લાભ લેવા માટે પ્રેરણા આપી હતી. સુખાલાના પ્રગતિશીલ ખેડુત તેજલબેન, ધોધડકુવાના સંગીતાબેન, કરાયાના સવિતાબેન અને મોટાપોંઢાના પ્રગતિશીલ ખેડુત ધર્મેશભાઇએ પોતાના પ્રાકૃતિક ખેતીના અનુભવો રજુ કર્યા હતાં. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડુતોને પ્રધાનમંત્રી ધનધાન્ય કૃષિ યોજના (PM-DDKY) અને અન્ય કૃષિ સહાય યોજનાઓ તેમજ બીજ અને ઇનપુટ્સ સહાય, પ્રાકૃતિક ખેતી, સસ્ટેનેબલ ખેતી પદ્ધતિઓ, ડિજિટલ પ્લેટફોર્મ અને એપ્લિકેશનોના ઉપયોગ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

## PM Kisan Web cast programme

The 21st instalment of the Pradhan Mantri Kisan Samman Nidhi (PM-KISAN) scheme was launched by the Hon'ble Prime Minister Shri Narendra Modi on November 19, 2025 from Coimbatore, Tamil Nadu and around 9 crore farmers across the country received direct financial assistance of around ₹18,000 crore through the Direct Benefit Transfer (DBT) system. PM Kisan Samman Nidhi webcasting program was organized at KVK-Ambheti and at Khuntali village of Nanapondha taluka with the aim of encouraging farmers through live broadcast of this programme. More than 250 farmers participated in this program. The Senior Scientist and Head of the KVK Dr. Rajendrasinh Thakor welcomed the guests and outlined the program. In this program Mr. Arunbhai Garasia, DAO, Valsad told the farmers that in the 21st installment of PM Kisan Samman Nidhi Yojana, 18000 crore rupees will be deposited in the bank accounts of 9 crore farmers through which the farmers will buy seeds, pesticides and other tools and take the agriculture towards prosperity. Mr. Ninkujbhai Patel, DHO and Mr. Dhirenbhai Patel, ATMA Project Director guided about various schemes of the government. Then the farmers watched the live broadcast of the program of Hon'ble PM Shri Narendrabhai Modi from Coimbatore. Mr. Kiritbhai Patel, Extension Officer encouraged the farmers to get e-KYC of their accounts to take advantage of various schemes.





## પીએમ કિસાન વેબ કાસ્ટીંગ કાર્યક્રમ

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ૧૯ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ તમિલનાડુના કોઈમ્બતુરથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજનાના ૨૧મા હપ્તાનું લોકાર્પણ કર્યુ અને દેશભરના લગભગ ૯ કરોડ ખેડૂતોને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) સિસ્ટમ દ્વારા આશરે ₹૧૮,૦૦૦ કરોડની સીધી નાણાકીય સહાય મળી. આ કાર્યક્રમનુ સીધુ પ્રસારણ ખેડુતો નિહાળી શકે અને પ્રોત્સાહીત થાય તે હેતુથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-અંભેટી ખાતે અને નાનપોંઢા તાલુકાના ખુંટલી ગામે પીએમ કિસાન સન્માન નિધિ વેબ કાસ્ટિંગ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ૨૫૦ થી વધુ ખેડુતોએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ રાજેન્દ્રસિંહ ઠાકોરે મહેમાનોનુ સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ કાર્યક્રમમાં શ્રી અરૂણભાઇ ગરાસિયા, જીલ્લા ખેતીવાડી અધિકારી, વલસાડએ ઉપસ્થિત ખેડુતોને જણાવ્યુ કે પીએમ કિસાન સન્માન નિધી યોજનાના ૨૧માં હપ્તામાં ૯ કરોડ ખેડૂતોના બેંક એકાઉન્ટમાં ૧૮૦૦૦ કરોડ રૂપિયા જમા થશે જે થકી ખેડુતો બિયારણ, દવા અને અન્ય ઓજારો ખરીદીને ખેતીને સમૃધ્ધિ તરફ લઇ જશે. શ્રી નિંકુજભાઇ પટેલ, જીલ્લા બાગાયત અધિકારી અને શ્રી ધીરેનભાઇ પટેલ, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર એ મોદી સરકારની કૃષિ લક્ષી યોજનાઓ અને કામગીરીની વિસ્તૃત માહિતી આપી. ત્યારબાદ તમિલનાડુના કોઈમ્બતુરથી માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના કાર્યક્રમનુ સીધુ પ્રસારણ ખેડુતોએ નિહાળ્યુ હતુ. આ કાર્યક્રમમાં ઉપસ્થિત કિરીટભાઇ પટેલ, વિસ્તરણ અધિકારીએ ઉપસ્થિત ખેડુતોને પીએમ કિસાન સન્માન નીધી યોજનાનો લાભ લેવા માટે પોતાના ખાતાનુ ઇ કેવાયસી કરાવવા માટે પ્રોત્સાહીત કર્યાં હતાં.

## Farmers Day Celebration

National Farmers' Day in India, known as Kisan Divas, is celebrated every year on 23 December to commemorate the birth anniversary of Chaudhary Charan Singh, the fifth Prime Minister of India. National Farmers Day/Kisan Day was celebrated on December 23, 2025 by KVK- Ambheti. On this occasion, a total of 160 farmers participated in the programs organized at KVK and Eklara village. During the program, the speech of Agriculture Minister Shri Shivrajsinhji was telecasted live. The experts of the center provided useful guidance to the farmers.



## કિસાન દિવસની ઉજવણી

ભારતમાં રાષ્ટ્રીય ખેડૂત દિવસ, જેને કિસાન દિવસ તરીકે ઓળખવામાં આવે છે, તે દર વર્ષે ૨૩ ડિસેમ્બરે ભારતના પાંચમા વડા પ્રધાન અને ખેડૂતોના અધિકારોના હિમાયતી ચૌધરી ચરણ સિંહની જન્મજયંતિની ઉજવણી માટે ઉજવવામાં આવે છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટી દ્વારા 23 ડિસેમ્બર, 2025ના રોજ રાષ્ટ્રીય ખેડૂત દિવસ/કિસાન દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને એકલારા ગામે યોજાયેલ કાર્યક્રમોમાં કુલ ૧૬૦ ખેડુતોએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમ્યાન કૃષિ મંત્રીશ્રી શિવરાજસિંહજીના વક્તવ્યનુ જીવંત પ્રસારણ કરવામાં આવ્યુ. કેન્દ્રના તજજ્ઞોએ ખેડુતોને ઉપયોગી માર્ગદર્શન આપ્યુ.

## World Soil Day

The World Soil Day was celebrated at Krishi Vigyan Kendra Ambheti on December 5 under the theme "Healthy soils for healthy cities" with the aim of creating awareness among farmers about the importance of soil health and human health. As part of the program, Kisan Gosthi was organized at KVK. More than 50 farmers from Fulwadi, Kakadkopar and Motapondha villages participated. Dr. Rajendrasinh Thakor explained the importance of soil health for human health. The soil scientist of KVK, Mr. Lalit Kapur explained the importance of soil health to the farmers by giving information about soil and water pollution caused by chemical fertilizers and pesticides. He also encouraged the farmers to adopt natural farming. He guided the farmers on various aspects of natural farming like Jivamrit, Bijamrit, mulching, mix cropping, Jantunashak Ashtro, etc. to improve the soil health. He also gave a talk on All India Radio, Daman about soil health.



## વિશ્વ જમીન દિવસની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટી ખાતે Healthy soils for healthy cities" થીમ હેઠળ તારીખ ૫, ડિસેમ્બરે વિશ્વ જમીન દિવસની ઊજવણી કરવામાં આવી જેનો હેતુ ખેડુતોમાં જમીનના સ્વાસ્થ્ય અને માનવીય તંદુરસ્તીના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો હતો. આ કાર્યક્રમના ભાગરૂપે કિસાન ગોષ્ઠીનુ આયોજન કરવામાં આવ્યુ. જેમાં ફુલવાડી, કાકડકોપર અને મોટાપોંઢા ગામના અંદાજીત ૫૦થી વધુ ખેડુતોએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. રાજેન્દ્રસિંહ ઠાકોરે ઉપસ્થિત ખેડુતોને વિશ્વ જમીન દિવસની ઉજવણીનું મહત્વ સમજાવી જમીન તંદુરસ્તીની સાથે માનવીય તંદુરસ્તીના સંબંધ વિશે સમજ આપી હતી. કેન્દ્રના જમીન વૈજ્ઞાનિક શ્રી લલિત કપુરે ઉપસ્થિત ખેડુતોને જમીન તંદુરસ્ત તો અનાજ સ્વસ્થ અને ખોરાક/અનાજ સ્વસ્થ તો માતા સ્વસ્થ અને માતા સ્વસ્થ તો બાળક સ્વસ્થની સમજ આપી જમીનના સ્વાસ્થ્યનું મહત્વ સમજાવ્યું હતું તેમણે ખેડુતોને રાસાયણિક ખાતરો અને જંતુનાશકોથી થતાં જમીન અને પાણી પ્રદુષણ અંગે જાણકારી આપીને પ્રાકૃતિક ખેતી અપનાવવા ખેડુતોને પ્રોત્સાહિત કર્યા હતાં. વધુમાં તેમણે જમીન તંદુરસ્તી વિશે ઑલ ઇન્ડિયા રેડિયો, દમણ પર વાર્તાલાપ પણ રજુ કર્યો હતો.

## Training programmes on on Natural Farming

As a nodal training center under the National Mission on Natural Farming to increase the prevalence of natural farming, 63 one-day training programs were organized at the KVK for a total of 3242 farmers (willing farmers) interested in natural farming of 26 clusters of Valsad district in collaboration with Atma project.



## પ્રાકૃતિક ખેતીના તાલીમ કાર્યક્રમ

નેશનલ મિશન ઑન નેચરલ ફાર્મીંગ અંતર્ગત પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે નોડલ ટ્રેનીંગ સેન્ટર તરીકે કેવીકે અંભેટી તથા આત્મા પ્રોજેક્ટના સહયોગથી વલસાડ જિલ્લાના ૨૬ ક્લસ્ટરના પ્રાકૃતિક ખેતીમાં રસ ધરાવતા કુલ ૩૨૪૨ ખેડુતો (વીલીંગ ફાર્મર્સ) માટે એક દિવસીય કુલ ૬૩ તાલીમ કાર્યક્રમ કેન્દ્ર ખાતે ગોઠવવામાં આવેલ..

## Field Days

Demonstrations on finger millet crop variety Gujarat Nagali-9 (Gira) were organized in various villages of Kaprada and Dharampur blocks. For the purpose of feedback of the demonstration, field day organized on 10th Oct., 2025 at Narvad village in which 105 farmers participated. Under the demonstration of paddy (Sardar Var.), the field day was organized at Kachwal village on 30 Sep.2025 in which 72 farmers participated. About 65 farmers participated in the field day on Depog Nursery organized at Nanivahiyal vaillage. The experts from the KVK discussed with the farmers and guided accordingly.







## ક્ષેત્ર દિનની ઉજવણી

કેન્દ્ર દ્વારા ચાલુ વર્ષે કપરાડા અને ધરમપુર તાલુકાના વિવિધ ગામોમાં નાગલી પાકની સુધારેલ જાત ગુજરાત નાગલી-૯ (ગીરા) ના નિદર્શનો ગોઠવવામાં આવેલ. જેના પ્રતિભાવ જાણવાના હેતુથી નારવડ ખાતે તા. ૧૦ ઓક્ટો.,૨૦૨૫ના રોજ આયોજીત ક્ષેત્ર દિનમાં ૧૦૫ ખેડુતોએ ભાગ લીધો. ડાંગરના પાકમાં ગોઠવેલ સરદાર જાતના નિદર્શનો અંતર્ગત કચવાલ ગામે તા. ૩૦ સપ્ટે.,૨૦૨૫ના રોજ ગોઠવેલ ક્ષેત્ર દિનમાં ૭૨ તથા નાનીવહીયાળ ખાતે ડેપોગ ધરુવાડિયા અંગેના ક્ષેત્ર દિનમાં ૬૫ ખેડુતોએ ભાગ લીધો. કેન્દ્રના વિષય નિષ્ણાંતોએ ઉપસ્થિત ખેડુતો સાથે નિદર્શનના અભિપ્રાયો, મુશ્કેલીઓ અને પરિણામો વિશે વિગતવાર ચર્ચા કરી હતી.

## Skill Training programme

A skill training on maintenance and repairing of farm equipments was organized during 23-26 Aug., 2025 for 26 rural youths of Dharampur and Kaprada talukas by KVK with the technical support of VST Company. In which, Mr. Jitubhai and Dineshbhai of the company gave practical guidance on the maintenance and repair of farm equipment. The skill training on Mushroom was also organized during 24-26 Sep., 2025 in which 56 participants were trained on production of Oyster mushroom and provided input kit.





## કૌશલ્ય વર્ધન તાલીમ કાર્યક્રમ

કેવીકે ખાતે ધરમપુર અને કપરાડા તાલુકાના ૨૬ ગ્રામ્ય યુવાનો માટે કૃષિ સાધનોની જાળવણી અને સમારકામ વિશે ૨૩—૨૬ ઓગસ્ટ, ૨૦૨૫ દરમ્યાન કૌશલ્ય તાલીમનું આયોજન VST કંપનીના તાત્રિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં કૃષિના સાધનોની જાળવણી અને સમારકામ અંગે પ્રાયોગિક માર્ગદર્શન કંપનીના શ્રી જીતુભાઇ તથા દિનેશભાઇએ આપેલ. તા. ૨૪-૨૬, સપ્ટે., ૨૦૨૫ દરમ્યાન યોજાયેલ મશરૂમ ઉત્પાદન તાલીમમાં ૫૬ તાલીમાર્થીઓને ઓઇસ્ટર મશરૂમ ઉત્પાદન વિશે તાલીમ અને કીટ આપવામાં આવેલ.

## Dignitaries visit

Hon'ble MLA, Kaprada and former Minister Shri. Jitubhai Choudhary visited the Gaushala and Natural Farming Unit at KVK. During the visit, he observed the manufacturing process of various biological inputs used for natural farming such as Jivamrit, Ghanjivamrit, Bijjamrit and Jantunashak Astro. He expressed his appreciation for the efforts made by the scientists for the promotion of natural farming among the farmers.



## મહાનુભાવની મુલાકાત

માનનીય ધારાસભ્યશ્રી, કપરાડા અને પૂર્વ મંત્રીશ્રી જીતુભાઈ ચૌધરીએ કેવીકે ખાતે આવેલ ગૌશાળા તથા પ્રાકૃતિક ખેતી એકમની મુલાકાત લીધી. મુલાકાત દરમ્યાન તેમણે પ્રાકૃતિક ખેતી માટે ઉપયોગમાં લેવાતા વિવિધ જૈવિક ઈનપુટ્સ જેવા કે જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત તથા જૈવિક જંતુનાશક અસ્ત્રોની બનાવટ પ્રક્રિયા નિહાળી. તેમણે કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા પ્રાકૃતિક ખેતી માટે કરવામાં આવતા ખેડૂતો માટેના પ્રયાસોની પ્રશંસા વ્યક્ત કરી.

## Review Meetting of KVKs of GVP

A meeting to review the performance of three KVKs of Gujarat Vidyapeeth was held in the Chairmanship of Shri. Bhupendrasinh Chudasama (Former Minister, Government of Gujarat and Trustee, Gujarat Vidyapeeth) and in the presence of Dr. Harshadbhai Patel (Honorable Secretary and Vice- Chancellor, Gujarat Vidyapeeth, Ahmedabad) on August 22, 2025 at Krishi Vigyan Kendra, Ambheti, The Heads and staff of three KVKs were present in the meeting and guidance was given for the development of the farm and Gaushala.



## ગૂજરાત વિદ્યાપીઠના કેવીકેની સમીક્ષા બેઠક

ગૂજરાત વિદ્યાપીઠના ત્રણે કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ની કામગીરીની સમીક્ષા બેઠક શ્રી. ભૂપેન્દ્રસિંહ ચુડાસમાજી (પૂર્વ મંત્રી, ગુજરાત સરકાર અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠના અધ્યક્ષ સ્થાને અને ડૉ. હર્ષદભાઇ પટેલ (માનનીય મંત્રીશ્રી અને કુલપતિશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)ની ઉપસ્થિતીમાં તા. ૨૨ ઓગસ્ટ.,૨૦૨૫ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી, જિ. વલસાડ ખાતે મળી હતી. જેમાં કેવીકે રાંધેજા, દેથલી અને અંભેટીના વડા તથા સેવકો હાજર રહ્યા હતા. બેઠક દરમ્યાન ફાર્મ તથા ગૌશાળાના વિકાસ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું.

**BOOK - POST**

**From -**
Gujarat Vidyapith
Krishi Vigyan Kendra
Ambheti, Via. Vapi
Ta. Kaprada, Dist. Valsad (Gujarat) 396191